ગુજરાતમાં વધુ ૩ કેસ, કુલ ૭૪

અમદાવાદ	વડોદરા	સુરત	રાજકોટ	ગાંધીનગર	કચ્છ	ભાવનગર	મહેસાણા	ગીરસોમનાથ	પોરબંદરમાં
૨૩	૦૯	૧૦	૧૦	૧૧	૦૧	૦૬	૦૧	૦૨	૦૧

ગાંધીનગર, તા.૩૦

કોરોના વાયરસ મહામારીનો કહેર ગુજરાતમાં યથાવતરીતે જારી છે અને કેસોની સંખ્યામાં ઝડપથી વધારો થઇ રહ્યો છે. આજે લોકડાઉનના છઠ્ઠા દિવસે ગુજરાતમાં ત્રણ નવા પોઝિટિવ કેસ નોંધાયા હતા. આની સાથે જ કેસોની સંખ્યા વધીને ૭૪ ઉપર પહોંચી હતી. ક્વોરનટાઈનમાં રહેલા વ્યક્તિઓના શારીરિક અને માનસિક આરોગ્ય માટે હવે ૧૧૦૦ નંબરની હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે જેના પર નિષ્ણાત તબીબો દ્વારા માહિતી આપવામાં આવશે. વૈશ્વિક મહામારી કોરોનાનો કહેર ગુજરાતમાં યથાવત જ છે. રાજયભરમાં દિન પ્રતિદિન કોરોના પોઝિટિવના કેસો વધતા જાય છે, જેને લઇ સરકાર અને તંત્ર ચિંતિત છે અને તમામ નાગરિકોને લોકડાઉનનો ચુસ્તપણે પાલન કરવા અપીલ કરી રહ્યા છે. રાજયમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૭૩ થઈ ગઈ છે. આજે બે નવા કેસ નોંધાયા છે. તેમાં અમદાવાદમાં એક ૬૫ વર્ષીય વૃધ્ધ અને ગાંધીનગરની એક ૩૨ વર્ષીય યુવતીના કેસનો સમાવેશ થાય છે. આ બંને કેસ લોકલ ટ્રાન્સમીશનના હોવાનું પણ સામે આવ્યું છે. રાજયમાં આઈસોલેશન વોર્ડમાં દાખલ કોરોના પોઝિટિવના દર્દીઓ પૈકી માત્ર બે જ દર્દીઓ વેન્ટિલેટર પર છે, જયારે બાકી બધા સ્ટેબલ છે. આ સિવાય રાજયભરમાં ક્વોરન્ટાઈન હેઠળ કુલ ૧૮ હજાર લોકો છે. જો કે, આ બધાની વચ્ચે રાહતના સમાચાર એ પણ સામે આવ્યા છે કે, કોરોના પોઝિટિવના કુલ પાંચ દર્દીઓ સાજા થયા છે અને તેમને રજા આપવામાં આવી છે. જેમાં ૩ દર્દીઓની ઉમર ૫૫થી ૬૦ વર્ષની છે. જેમને રજા આપી દેવામાં આવી હોવાનું આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો.જયંતિ રવિએ જણાવ્યું હતું. આરોગ્યવિભાગના અગ્ર સચિવ ડો.જયંતિ રવિએ વધુમાં જણાવ્યું હતું કે, રાજયમાં કુલ ૭૪૧ લોકો સરકારી ક્વોરન્ટાઈન પર છે. ટોટલ પાંચ લોકોને ડીસ્ચાર્જ કરાયા છે. ડીસ્ચાર્જ થયેલા લોકોમાં ૩ લોકો ૬૦ વર્ષથી ઉપરના છે. સાથે જ અમદાવાદ અને સુરતની ૨૧ વર્ષની મહિલાને ડીસ્ચાર્જ કરવામાં આવી છે. વિદેશથી આવેલા ૩૨ કેસ, આંતરરાજયના ૪ કેસો , ૩૭ કેસ લોકલ ટ્રાન્સમીશનના છે. સુરત, ભાવનગર, વડોદરા અને રાજકોટમાં પોલીસની મદદથી કડક લોકડાઉનમાં કરાયું છે. ૨૪ કલાક માટે ૪ નિષ્ણાંતોની ટીમ ઉપલબ્ધ છે. હાઉસ ટુ હાઉસમાં સર્વેમાં ખૂબ જ સારી કામગીરી થઈ રહી છે. રાજયભરમાં અત્યારસુધીમાં કુલ ૬ કરોડ ૫૦ લાખ લોકો સર્વે થયો છે. ગુજરાતમાં કુલ પોઝિટિવ કેસોની સંખ્યા ૭૩ થઇ છે ત્યારે રાજયમાં અત્યાર સુધીમાં ૧૩૯૬ સેમ્પલનું ટેસ્ટીંગ કરાયું છે તે પૈકી ૧૩૨૨ નેગેટિવ, ૭૩ પોઝિટિવ અને એક પેન્ડીંગ કેસ છે. જિલ્લાવાર પોઝિટિવ કેસની વિગતો જોઇએ તો, અમદાવાદ જિલ્લામાં ૨૫, સુરતમાં ૦૯, રાજકોટમાં ૧૦, વડોદરામાં ૦૯, ગાંધીનગરમાં ૧૧, ભાવનગરમાં ૦૬, ગીર સોમનાથમાં ૨ અને કચ્છ,મહેસાણા અને પોરબંદરમાં જિલ્લા દીઠ એક પોઝિટિવ કેસ નોંધાયા છે. આમ, રાજયમાં કોરોના પોઝિટિવના કુલ ૭૩ કેસો સામે આવ્યા છે. આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ આજે વિગતવાર માહિતી ગુજરાતમાં કોરોના કેસોના સંદર્ભમાં પુરી પાડી હતી. કોરોનાના કેસોની સંખ્યા વધી રહી છે ત્યારે એક પછી એક પગલા લેવામાં આવી રહ્યા છે. કોઇપણ રીતે કોરોનાને રોકવા માટે તંત્ર સંપૂર્ણપણે સાબદુ બનેલું છે. સંક્રમણ અટકાવવા માટે લોકડાઉનને કઠોરરીતે અમલી કરવામાં આવે તે જરૂરી છે. સંયમ રાખીને ઘરમાં જ રહેવાથી વધુ સફળતા મળી શકશે. પત્રકારો સાથે વાતચીત કરતા આરોગ્ય વિભાગના અગ્ર સચિવે કહ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ઉચ્ચ અધિકારીઓ દ્વારા દરરોજ કોર કમિટિની બેઠક યોજાઈ હતી. ક્વોરનટાઈનમાં રહેલા લોકોની શારીરિક તેમજ માનસિક આરોગ્યની સ્થિતિ માટે ૧૧૦૦ નંબર હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. નિષ્ણાત લોકો દ્વારા ૨૪ કલાક ટેલિ એડવાઈઝ આપવામાં આવી છે. નિષ્ણાતો દ્વારા જરૂરી સેવા માટે તૈયારીઓ પણ રાખવામાં આવી છે. રાજયમાં કોરોના વાયરસના ચેપગ્રસ્ત દર્દીઓને અને તેમના કુટુંબીજનોને સંપર્કમાં આવેલા વ્યક્તિઓને આઇસોલેશન અથવા હોમ કોરેન્ટાઈન કરાયા છે. આવા વ્યક્તિઓને શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્યને સમસ્યાઓ માટે રાજયમાં ૧૧૦૦ નંબરની હેલ્પલાઈન જીવીકે ઈ.એમ.આર. આઈ ૧૦૮ કઠવાડા ખાતે શરૂ કરાઈ છે.

કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે

ડીસાની ગાંધીલિંકન ભણશાળી અને પાલનપુરની સમર્પણ ખાનગી હૉસ્પિટલ તૈયાર કરાઇ

નોવેલ કોરોના વાયરસ કોવિદ-૨૦૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશન ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. ભારત સરકાર અને

ગુજરાત સરકાર દ્વારા નોવેલ કોરોના વાયરસ કોવિદ-૨૦૧૯ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. નોવેલ કોરોના વાયરસના ઝડપી સંક્રમણને રોકવા માટે સરકારની સુચના મુજબ બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ ફેલાય નહીં તે માટે કલેકટરશ્રી સંદીપ સાગલેની સુચના અને માર્ગદર્શન પ્રમાણે આરોગ્ય વિભાગના અધિકારીઓ- કર્મચારીઓ સખત પરિશ્રમ કરી રહ્યા છે. કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે સરકારી આઈસોલેશન વોર્ડ ઉપરાંત ખાનગી હોસ્પીટલોમાં પણ વ્યવસ્થા તૈયાર કરવામાં આવી છે. પાલનપુર સીવીલ હોસ્પીટલમાં ૧૨૦ બેડની કોવિદ હોસ્પીટલ આઈસોલેશન વોર્ડ સાથે તૈયાર છે. આ ઉપરાંત ડીસા, થરાદ, વાવ, અંબાજી અને જિલ્લામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે પણ દર્દીઓને સારવાર આપવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે બનાસકાંઠા જિલ્લામાં બે ખાનગી હોસ્પીટલ તૈયાર કરવામાં આવી છે. જેમાં ડીસા ખાતે ગાંધીલિંકન ભણશાળી હોસ્પીટલ- ૮૦ બેડ અને પાલનપુર ખાતે સમર્પણ ખાનગી હોસ્પીટલમાં- ૩૦ બેડની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. શ્રી રામચંદ સ્વરાજ હોસ્પીટલ ધાનેરા તથા તિરૂપતિ હોસ્પીટલ પાંથાવાડાને બેડ સહિત તમામ સુવિધા રાખવા જિલ્લા આરોગ્ય કચેરી દ્વારા સુચના આપવામાં આવી છે.

મોડાસા સબજેલના ૭ કેદીને ૨ મહિનાના વચગાળા જામીન આપી મુક્ત કર્યા

કોરોના વાયરસના કારણે દેશભરની અનેક જેલોમાં કેદીઓને છોડી મુકવાની કવાયત ચાલી રહી છે ત્યારે અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલ સબજેલમાંથી ૭ વર્ષથી નીચેની કેદની સજા પામેલ ૭ કેદીઓને વચગાળાના જામીન આપી મુક્ત કર્યા હતા. સબજેલ પ્રશાસનતંત્રએ ૭ કેદીઓને જેલમાંથી મુક્ત કરતા પહેલા તબીબી પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ૭ કેદીઓને મેડિકલ પ્રમાણપત્ર આપી વચગાળા માટે મુક્ત કરવામાં આવતા મુક્ત થયેલા કેદીઓ અને પરિવારજનોમાં આનંદ છવાયો હતો.

કોરોના સંક્રમણના કપરા સમયે જ

વડગામ ટી.ડી.ઓ. રજા ઉપર ઉતરી જતાં તાલુકો ઈન્ચાર્જના હવાલે

વડગામ,

વડગામ તાલુકા વિકાસ અધિકારી દસ દિવસની રજા ઉપર ઉતરી જતાં કોરોના ના કહેર વચ્ચે વડગામ તાલુકાને ઈન્ચાર્જ ટી.ડી.ઓ.ના હવાલે કરી દેવાયો છે.

વડગામ તાલુકા પંચાયત માં ફરજ બજાવતા ટી.ડી.ઓ.એ એચ.પરમાર ઉપર તાલુકા પંથકની એક પંચાયત માં ફરજ બજાવતી એક મહિલા તલાટીએ ટી.ડી.ઓ.સામે ગંભીર આક્ષેપ કરીને સોમવારના વડગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા વડગામ ટી.ડી.ઓ સોમવાર ના દિવસ થી રજા ઉપર ઉતરી જતાં હાલના કોરોના ના કપરા સમયે જ તાલુકા ને ઈન્ચાર્જ ના હવાલે કરી દેવાતા તાલુકા ની પ્રજા રામ ભરોસે બની છે.વડગામ તાલુકા પંચાયતમાં ટી.ડી.ઓ.નો ચાર્જ વડગામ તાલુકા પંચાયત ના મદદનીશ ટી.ડી.ઓ.જેઠાભાઈ.ને આપવામાં આવ્યો છે.ત્યારે તાલુકા ભરની જનતા માં એક જ સવાલ થઈ રહ્યો છે કે હાલમાં કોરોના ની મહામારી સંક્રમણ નો સમયે ચાલી રહ્યો છે.સરકાર દ્વારા આપત્તિકાલ જાહેર કરાયો છે ત્યારે આવા આપત્તિ જનક સમયેજ તાલુકા ના જવાબદાર એક કર્મચારી રજા ઉપર ઉતરી જાય અને રજા પણ મંજુર કરી દેવાતા અનેક ચર્ચાઓ તાલુકા ભરના લોકોમાં થઈ રહી છે.

મોડાસાના રસુલાબાદ ઈમદાદ ગૃપ દ્વારા જરૂરિયાતવાળા પરિવારોને કીટ વિતરણ

મોડાસા, તા. ૩૧

કોરોના વાઈરસના પરિણામે કારીગરો ડ્રાઈવરો રોજેરોજ કામ કરી કમાતા લોકોની પરિસ્થિતિ કફોડી બની છે. આવા દિવસોમાં શું ખાવું, કયાંથી પૈસા લાવવા વગેરે પ્રશ્નનો સતાવી રહ્યા છે. ત્યારે રસુલાબાદ સોસાયટીના ઈમદાદગૃપ દ્વારા જરૂરિયાતવાળા પરિવારોને કીટ વિતરણ કરવામાં આવ્યું હતુ. સોસાયટીના સૈયદ કાદરઅલી, માઈનોરીટી ચેરમેન મહંમદભાઇ ભુરા, વાઈસ પ્રમુખ ગુજરાત એન.સી.પી. સુલતાન મલિક, આચાર્ય મદની હાઈસ્કુલ આચાર્ય આર.યુ.મનસુરી, સલીમ વહોરા, એમ.પી. મનસુરી મોહસીન બુલા મહેમુદ કાઝી શોએબ વાલા ઓવેશભુરા સાજીદ અન્સારી સબ્બીરભાઇ રાજપુરા ઈરશાદહુશેન રાજપુરા સાજીદ સૈયદ મોહસીન સૈયદ ફારૂક સૈયદ રહીમભાઈ કાજી સૌ કાર્યકરોએ ઉમદા કામગીરી બજાવી માનવતાનું ઉદાહરણ પુરૂ પાડયું હતું.

હિંમતનગરના ભામાશા બાબુભાઈ રાજપુરોહિત દ્વારા ૨૨ લાખનું દાન

હિંમતનગરના શ્રેષ્ઠી અને દાતા મહાકાલી કોર્પોરેશન ફર્મના બાબુલાલ સોનાજી રાજપુરોહિત દ્વારા કોરોના વાયરસના ભયાનક રોગ માટે વડાપ્રધાન રાહત કોર્ષ તથા મુખ્યમંત્રી રાહત કોર્ષમાં ૨૨ લાખનું આજે માતબર દાન આપેલ જેમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને ૧૧ લાખનો ચેક આપ્યો અને વડાપ્રધાનના રાહત કોર્ષનો ૧૧ લાખનો ચેક જિલ્લા કલેકટર સી.જે. પટેલને રૂબરૂ અપાયો હતો. આ પ્રસંગે બાબુલાલ રાજપૂરોહિતના પુત્ર અને હિંમતનગર પાલિકાના બાંધકામ સમિતિના ચેરમેન અમૃત પુરોહિત, ચિંતનભાઈ પુરોહિત વગેરે પણ જોડાયા હતા. આ ઉમદા સેવા કાર્યો થકી મુખ્યમંત્રીએ અને જિલ્લા કલેકટર હિંમતનગરના બાબુલાલ રાજપૂરોહિત પરિવારની સેવાઓને સરાહના કરી તેમને પ્રેરણાને બિરદાવી હતી.

એલએન્ડટીએ કોવિડ-૧૯ સામે ભારતની લડાઈને ટેકો આપ્યો, પીએમ-કેર્સ ફંડમાં ૧૫૦ કરોડનું પ્રદાન કરશે

ભારતની અગ્રણી ટેકનોલોજી, એન્જિનીયરિંગ, કન્સ્ટ્રકશન, ઉત્પાદન અને નાણાકીય સેવાઓમાં કાર્યરત ગ્રૂપ લાર્સન એન્ડ ટૂબ્રો ફંડ, સામુદાયિક કલ્યાણકારક યોજનાઓ અને સહાય આપવા પોતાની કુશળતાનો ઉપયોગ કરીને કોવિડ-૧૯ સામે લડાઈમાં કોર્પોરેટ ભારતના પ્રદાનમાં સાથસહકાર આપવા પ્રતિબદ્ધ છે. ભારતના આદરણીય પ્રધાનમંત્રીની અપીલ પર કંપની પીએમ-કેર્સ ફંડમાં રૂ. ૧૫૦ કરોડનું પ્રદાન કરશે.

પ્રોજેક્ટ મેનેજમેન્ટ ગ્રૂપે હાલ ચાલુ લૉકડાઉન દરમિયાન આશરે ૧૬૦,૦૦૦ કોન્ટ્રાક્ટ વર્કર્સને ટેકો આપવા દર મહિને રૂ. ૫૦૦ કરોડનું ફંડ અંકિત કર્યું છે, જેમાંથી તેમના પગારની ચુકવણી થશે તેમજ લેબર કેમ્પમાં તેમને ભોજન અને મૂળભૂત સુવિધાઓ આપવામાં આવશે તથા સાથે સાથે કોવિડ-૧૯ નિવારણ અને નિયંત્રણની આચારસંહિતા જાળવવામાં આવશે.

આ રોગચાળા સામે લડવા કંપનીની તૈયારી પર લાર્સન એન્ડ ટૂબ્રોના ગ્રૂપ ચેરમેન શ્રી એ એમ નાઈકે કહ્યું હતું કે, "એલએન્ડટી જરૂરિયાતના સમયે હંમેશા દેશ સાથે છે. અમે કોવિડ-૧૯ રોગચાળા સામે લડવામાં ભારતને મદદ કરી રહ્યાં છે, જે માટે તાત્કાલિક ફંડ આપીશું અને વિવિધ કલ્યાણકારક પગલાં લઈ રહ્યાં છીએ, જેમાં અમારી ટ્રેનિંગ સ્કૂલોને આઈસોલેશન સેન્ટરમાં પરિવર્તિત કરવાની બાબત સામેલ છે. અમે આ કટોકટીના સમયમાં સત્તામંડળોને મદદ કરવા અમારી એન્જિનીયરિંગ અને નિર્માણ કુશળતાનો ઉપયોગ પણ કરી રહ્યાં છીએ."

એલએન્ડટી કંપનીની માલિકીના તમામ કેન્દ્રો અને અન્ય પસંદગીના સંકુલોને આઈસોલેશન વોર્ડમાં પરિવર્તિત કરવા વિચારે છે. કોવિડ-૧૯ના દર્દીઓની સારવારમાં સંકળાયેલી હોસ્પિટલને મહત્ત્વપૂર્ણ હેલ્થકેર ઉપકરણને પુરવઠો પૂરો પાડવા પણ વિકલ્પ ચકાસવામાં આવ્યો છે. કંપની એના કમ્યુનિટી હેલ્થ એન્ડ મેડિકલ સેન્ટર્સ ૨૪૦૭નો ઉપયોગ ઓફર કરવા તેમજ નજીકની હોસ્પિટલોમાં દર્દીઓની અવરજવર માટે એમ્બ્યુલન્સનો ઉપયોગ કરવાની સુવિધા આપવા પણ કટિબદ્ધ છે.

બનાસકાંઠા જિલ્લામાં સહાયનો ધોધ

વડગામ તાલુકામાં આવેલા મગરવાડા વિર મંદિરના ગાદીપતિ યતિ વિજયસોમજી મહારાજ દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમા એક લાખ રૂપિયાનો ચેક આપવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા કોરોનાની સંક્રમણમાં અનુદાન માટેના સહાયની અપીલ કરાતાં બનાસકાંઠામાં સહાયનો ધોધ વહાવાય રહ્યો છે. મગરવાડા માણી ભદ્ર વિરદાદા મંદિરના ગાદીપતિ યતિ શ્રી વિજયસોમજી મહારાજ, સરપંચ પ્રકાશસિહ સોલંકી, સામાજીક આગેવાન સામંતસિંહ સોલંકી સાથે રહીને મુખ્યમંત્રી રાહત ફંડમાં એક લાખ રૂપિયાનો ચેક વડગામ મામલતદાર આર.સી. ઠાકોરને આપવામાં આવ્યો હતો.

બનાસકાંઠા મર્કેન્ટાઈલ બેંક અને કબીર આશ્રમ દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં ૫-૫ લાખનું દાન

કોરોના સામેના જંગમાં લોકોને ફંડ આપવા માટેની મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અપીલનો ઝડપી પ્રતિસાદ આપતા સામાજિક દાયિત્વ રૂપે મુખ્યમંત્રી રાહત નિધિમાં આજે પાલનપુરના સદગુરૂ કબીર રામસ્વરૂપદાસજી ફાઉન્ડેશન કબીર આશ્રમ, પાલનપુર દ્વારા રૂ. ૫ લાખનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો. પાલનપુર કબીર આશ્રમના સંચાલિકા સરલાબેન રામાણીએ રૂ. ૫ લાખનો ચેક બનાસકાંઠા કલેકટર સંદીપ સાગલેને અર્પણ કર્યો હતો. આ પ્રસંગે કબીર આશ્રમના ટ્રસ્ટી સર્વ વિરજીભાઈ જુડાલ, દિપકભાઈ શાહ, નથાભાઈ પટેલ અને શૈલેષભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે બનાસકાંઠા મર્કેન્ટાઈલ બેંક પાલનપુર દ્વારા પણ મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂ.૫,૦૧,૦૦૦નો ચેક કલેકટર સંદીપ સાંગલેને સુપ્રત કરાયો હતો. આ પ્રસંગે બેન્કના ચેરમેન કાનમલભાઈ અગ્રવાલ, મેનેજિંગ ડિરેક્ટર કરશનભાઈ પટેલ, પુષ્કરભાઈ પટેલ, વિનુભાઈ પટેલ અને સીઈઓ ભાવેશભાઈ પટેલ હાજર રહ્યા હતા. આમ, બનાસકાંઠા જિલ્લામાં મુખ્ય મંત્રીના રાહત ફંડમાં લોકો ઉદાર હાથે ફાળો આપી રહ્યા છે.

ડીસાના નેમિનાથ સોસાયટીમાં જાહેરનામાનો ભંગ કરવા બદલ પાંચ સામે ફરિયાદ

ડીસા, તા. ૩૦

સમગ્ર દુનિયામાં કોરોના વાયરસને લઈ હાહાકાર મચી ગયો છે. રોજબરોજ અનેક દર્દીઓ તેનો શિકાર થઈ રહ્યા છે. આ મહામારીને નાથવા ભારત સરકાર તરફથી ૨૧ દિવસ સુધી સમગ્ર દેશને લોકડાઉન કરવાના આદેશ કરવામાં આવ્યા છે અને તેનો ચુસ્ત અમલ થાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે તેમ છતાં કેટલાય સક્શો દ્વારા આ નિયમોનું પાલન ન કરવામાં આવતા પોલોસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે ડીસામાં પણ રવિવારે સાંજના છ વાગ્યાની આસપાસ ડીસાની નેમિનાથ સોસાયટીમાં કેટલાક લોકો ભેગા થઈ ગપ્પા મારતા હોવા બાબતે ઉત્તર પોલોસને માહિતી મળતા ઉત્તર પોલોસના માણસો દોડી આવ્યા હતા. જ્યાં રુસભ સુરેશભાઈ શાહ, ઋષિલ હસમુખભાઈ શાહ, મેહુલ નવીનભાઈ શાહ, સંયમ કમલેશભાઈ શાહ અને ચારિત્ર પ્રફુલભાઈ શાહ ભેગા મળી જીલ્લા કલેકટરના જાહેરનામાનો ભગ કરવા ઉપરાંત બીમારી ફેલાવવા બાબતે કલમ ૧૮૮ અને ૨૬૯ મુજબ ડીસા ઉત્તર પોલિશ ડીસાના આ.હે.કો. અશોકસિંહ મગનસિંહની ફરિયાદ આધારે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

કેન્દ્રની ચેતવણી...

● પહેલા પાનાનું ચાલુ

હોસ્પિટલમાં દાખલ કરાયા છે. તેમાંથી ૨૦૦ લોકોને કોરોના પોઝિટીવની આશંકા વચ્ચે આ કાર્યક્રમાં ભાગ લઈને જેઓ પોતપોતાના રાજ્યોમાં ગયા એ રાજ્યોના માથે વધ્યો ખતરો વધવાની શક્યતા છે. કોરોના મહામારી વચ્ચે આ કાર્યક્રમની મંજૂરીને લઈને વિવાદ શરૂ થયો છે.

મંગળવાર સવારે એક મહિલા અને એક વૃદ્ધનું મોત થયું છે. કેરળના તિરુવનંતપુરમમાં કોરોના પોઝિટિવ ૬૮ વર્ષીય વ્યક્તિનું મોત થયું છે. મેડિકલ કોલેજના અધિકારીના જણાવ્યા પ્રમાણે, તેમની કિડની ફેઈલ થઈ ચુકી હતી. કોરોના વાઈરસ સંક્રમણના સોમવારે સૌથી વધારે ૨૦૮ કેસ સામે આવ્યા હતા. આ પહેલા ૨૭ માર્ચે ૧૫૧ કેસ સામે આવ્યા હતા. સોમવારે મહારાષ્ટ્રમાં ૩૫ અને કેરળમાં ૩૨ દર્દી મળ્યા હતા. દિલ્હીમાં ૨૫, ઉત્તરપ્રદેશમાં ૨૪,ચંદીગઢમાં ૫. પંજાબમાં ૩, આંધ્રપ્રદેશમાં ૨, છત્તીસગઢ, પશ્ચિમબંગાળ, હરિયાણા અને આંદામાન-નિકોબારમાં ૧-૧ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હવે કુલ સંક્રમિતોની સંખ્યા ૧,૪૦૧ થઈ ગઈ છે. આ આંકડા સરકારી વેબ પરના છે. સરકારના આંકડામાં અત્યાર સુધી સંક્રમિતોની સંખ્યા ૧૨૫૧ છે. જેમાંથી ૧૦૧ સ્વસ્થ થઈ ગયા છે. સંક્રમણના કારણે અત્યાર સુધી ૩૯ લોકોના મોત થયા છે. તો બીજી બાજુ મુંબઈમાં સલમાન ખાનના ૩૮ વર્ષીય ભત્રીજા અબ્દુલ્લા ખાન ઉર્ફ અબાનું સોમવારે મોત થયું છે. તે ઈન્દોરના ખાન કમ્પાઉન્ડમાં રહેતો હતો. અબ્દુલ્લાને રવિવારે મુંબઈના લીલાવતી હોસ્પિટલમાં ભરતી કરાયો હતો. શ્વાસ લેવામાં મુશ્કેલી થવા પર સાંજે વેન્ટીલેટર પર રાખવામાં આવ્યો હતો.

વિશ્વ સ્તબ્ધ...

● પહેલા પાનાનું ચાલુ

છિનજિઆંગ, લિચુઆન અને વુહાનનો સમાવેશ થાય છે. સૌથી વધારે પ્રભાવિત વિસ્તારોમાં યુબેઇ પ્રાંત છે. ઈટાલી, ઈરાન, અમેરિકા સહિતના દેશોમાં મોતનો આંકડો અતિઝડપથી વધી રહ્યો છે. તમામ જગ્યા પર કોરોના વાયરસ બેકાબૂ છે. સ્થિતિને કાબૂમાં લેવાના તમામ પ્રયાસો નિષ્ફળ સાબિત થઇ રહ્યા છે. તમામ દેશોમાં કેસો અને મોતનો આંકડો જે ગતિથી હજુ પણ વધી રહ્યો છે તે જોતા સ્થિતી હજુ એકબે મહિના સુધી કાબુમાં નહીં આવે તેવા સંકેત મળી રહ્યા છે. કોરોના હજુ વધુને વધુ ખતરનાક સ્વરૂપમાં છે. આ કિલર કોરોનાના સકંજામાં એક પછી એક દેશો આવી રહ્યા છે.રક્વર થયેલા લોકોની સંખ્યામાં પણ ઝડપથી વધારો થઈ રહ્યો છે. જે સારા સંકેત સમાન છે. ભારત સહિત દુનિયાના દેશોમાં હાલ લોકડાઉનની સ્થિતી રહેલી છે.

ભૂલો શોધવાને બદલે...

● પહેલા પાનાનું ચાલુ

૪૩૪૬ સેમ્પલોમાં તપાસ કરવામાં આવી હતી. આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે, તબીબો અને મેડિકલ સ્ટાફની સુરક્ષા માટે જરૂરી વસ્તુઓનો પુરવઠો વધારવામાં આવી રહ્યો છે. હાલમાં ભુલ શોધવા ઉપર નહીં બલ્કે જાન બચાવવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. કોરોના વાયરસના ફેલાવવાના સંદર્ભમાં આજે માહિતી આપવામાં આવી હતી. નિઝામુદ્દીનમાં જમાતના મર્કજથી કોરોનાના ફેલાવવાના સંદર્ભમાં પુછવામાં આવતા ઓરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે કહ્યું હતું કે, આ સમય ભુલ શોધવાનો નથી. જ્યાં સુધી નિઝામુદ્દીન એરિયાની વાત છે. અમને આ બાબત સમજવાની વાત છે કે, આ ભુલ શોધવાનો સમય નથી. અમારા માટે મહત્વની બાબત, જે એરિયામાં પણ કોરોનાના કેસ મળી રહ્યા છે ત્યાં તેના ફેલાવવાને રોકવા માટે પગલા લેવામાં આવે. દેશમાં કોરોના વાયરસના પરિણામ સ્વરુપે મોતનો આંકડો વધી રહ્યો છે. હાલમાં ટેસ્ટિંગની ૩૬ ટકાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના અધિકારીઓનું કહેવું છે કે, હજુ સુધી ૪૨૭૮૮ સેમ્પલોની તપાસ થઈ છે. આઈસી એમઆરના અધિકારી આર ગંગા કેતકરે કહ્યું હતું કે, દેશમાં કોરોના વાયરસની તપાસ માટે હજુ ૧૨૩ લેબમાં કામ થઈ રહ્યું છે. ૪૯ પ્રાઈવેટ લેબની મંજુરી અપાઈ છે. સોમવારના દિવસે જે ૪૩૪૬ સેમ્પલોની તપાસ થઈ છે તેપૈકી ૩૯૯ની તપાસ પ્રાઈવેટ લેબમાં કરવામાં આવી છે.

ટેન્શન વધ્યુ...

● પહેલા પાનાનું ચાલુ

પટણા, રાંચીની મસ્જિદોમાં છુપાયેલા મળ્યા છે. મર્કજના કાર્યક્રમમાં વિદેશથી પણ સેંકડો મુસ્લિમો પહોંચ્યા હતા અને પોતપોતાના દેશ પરત ફર્યા છે. મર્કજના કાર્યક્રમમાં સામેલ ૨૪ લોકોમાં કોરોનાના લક્ષણ દેખાઈ ચુક્યા છે. ઉત્તરપ્રદેશના ડીજીપી ઓફિસ તરફથી જારી કરવામાં આવેલા કાર્યક્રમમાં કહેવામાં આવ્યું છે કે, તબલીગી જમાતના વિદેશી પ્રચારકોના હઝરત નિઝામુદ્દીનમાં થયેલા કાર્યક્રમમાં ઉત્તરપ્રદેશના જિલ્લાઓથી લોકો સામેલ થયા હતા.

સેલ્ફ ડેકલેરેશન....

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી, એક વ્યક્તીએ વ્હોટસએપ કોલથી તો ૩૦ લોકોએ મનપાના વેબ પોર્ટલ પર આ ડેકલરેશન નોંધાયુ છે.

ગાંધીનગર શહેરમાં તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પણ સઘન બનાવવાની સૂચના મનપાના તંત્ર દ્વારા આપવામાં આવી છે. અગાઉના સર્વેમાં ૧૨૦૦થી વધુ લોકો બિમાર જણાયા હતા. શહેરનો હાઉસ ટુ હાઉસ સર્વે ઈ-ફ્રીઝર એપ દ્વારા કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.